# ભદ્રાર્યાચાર્ય અને દત્તિલાચાર્ય

ઈસ્વીસન્ પૂર્વેની પાંચમી શતાબ્દીના અંતભાગે કે ચોથી શતાબ્દીના પૂર્વાર્ધમાં થયેલા આર્ય શય્યંભવ વા સ્વાયંભૂવ દ્વારા રચાયેલા મનાતા **દશકાલિક** કિંવા **દશવૈકાલિક-સૂત્રની** જૈન શ્વેતાંબર શ્રુતમાં બહુ મોટી પ્રતિષ્ઠા છે[૧]. સદાચરણ અને વૈરાગ્યપોષક અભિભાવો, ચિંતન-ગહનતા અને ચેતોહર પદલાલિત્ય ધરાવતી તેની કેટલીક સુગંભીર ગાથાઓનું ભારતીય તત્ત્વપ્રવણ સાહિત્યમાં ઊંચું સ્થાન છે. પ્રકૃત આગમ પર આથી સ્વાભાવિક રીતે જ અલગ અલગ સ્વરૂપની અને સારી એવી સંખ્યામાં પ્રાચીન અને મધ્યયુગમાં વ્યાખ્યાઓ થયેલી : જેમાં આચાર્ય ભદ્રબાહુ દ્વિતીયની મનાતી નિર્યુક્તિ (પ્રાકૃત : ઈસ્વીસન્‌નો ૫મો-છઠ્ઠો સૈકો), "વૃદ્ધવિવરણ" નામક અજ્ઞાત કર્તૃક **ચૂર્ણિ**[૨] (સાતમા સૈકાનો ઉત્તરાર્ધ), થોડાં વર્ષો પહેલાં મળી આવેલી અગસ્ત્યસિંહની **ચૂર્ણિ** (પ્રાકૃત : છઠ્ઠા શતકનો ઉત્તરાર્ધ), અને આચાર્ય હરિભદ્રસૂરિની **શિષ્યબોધિની-ટીકા** કિંવા **શિષ્યહિતાવૃત્તિ** (સંસ્કૃત : ૮મા શતકનો પૂર્વાર્ધ) મુખ્ય, વિશદ, વિશેષ મહત્ત્વપૂર્ણ, અને પ્રમાણમાં પ્રાચીન છે. તદતિરિક્ત દક્ષિણ ભારતમાં વિશેષે પાંગરેલ, જૈન સંપ્રદાયના એક ત્રીજા આમ્નાય—યાપનીય સંઘ—ના અપરાજિતસૂરિ અપરનામ વિજયાચાર્યે પણ **દશવૈકાલિક** પર એક ટીકા—**વિજયોદયા ટીકા** (૮મો-૯મો સૈકો)—રચેલી, જે હાલ અપ્રાપ્ય છે[૩].

અગસ્ત્યસિંહની **ચૂર્ણિના**[૪] અંતરાવલોકન પરથી જણાય છે કે તે કૃતિ પૂર્વે પણ **દશવૈકાલિકસૂત્ર** પર બે'એક વૃત્તિઓ પ્રાકૃત ભાષામાં રચાઈ ગયેલી, જેનાં અવતરણ વા આશયાદિ ચૂર્ણિ અંતર્ગત યત્રતત્ર જોવા મળે છે[૫]. ચૂર્ણિકાર વિશેષમાં 'ભદ્ર' અને 'દત્તિલ' નામના બે પૂર્વવર્તી આચાર્યોના મત પણ ઉટ્ટંકિત કરે છે[૬]. સંભવ છે કે જે એકાદ-બે પુરાણી વૃત્તિઓનાં અવતરણ, વ્યાખ્યા-વિવરણ આદિ **ચૂર્ણિમાં** મળે છે તેના કર્ત્તા પૂર્વકથિત ભદ્રાર્યાચાર્ય અને દત્તિલાચાર્ય હોય[૭].

સંદર્ભગત આચાર્યો કોણ હતા, ક્યારે થઈ ગયેલા, એ વાત અન્વેષણીય છે. **અગસ્ત્યસિંહીયા ચૂર્ણિ**નો સમય (સ્વ૦) મુનિશ્રી પુણ્યવિજયજીએ આગમો પરનાં ભાષ્યો પૂર્વેનો અને પૌર્વાપર્યનાં પ્રમાણોનાં વિશેષ પરીક્ષણ પછી પં૦ દલસુખ માલવણિયાએ છઠ્ઠા શતકના મધ્યના અરસાનો નિશ્ચિત કર્યો છે, જે બહુધા સ્વીકાર્ય જણાય છે[૮]. આથી પૂર્વોક્ત આચાર્યો (ભદ્ર-દત્તિલ) ચૂર્ણિકારથી અને ચૂર્ણિના સમયથી પૂર્વવર્તી જ માનવા ઘટે.

આ પુરાતન આચાર્યો સંબંધમાં પહેલી તલાશ પટ્ટાવલી આદિ સંબદ્ધ સાહિત્યમાં કરવી જોઈએ. એતદ્ વિષયક સાધનોમાં વર્તમાને **પર્યુષણાકલ્પની** "સ્થવિરાવલી" સૌથી પ્રાચીન છે. તેનો આર્ય સ્કંદિલ પર્યંતનો ભાગ સ્પષ્ટતયા આગમોની માથુરી વાચના (પ્રાયઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈ૦ સ૦ ૩૫૩-૩૬૩) જેટલો પ્રાચીન છે[૯]. ''સ્થવિરાવલી''ના એ પુરાણા હિસ્સામાં આર્ય વજ્રથી સાતમા આચાર્યનું નામ આર્ય ભદ્ર મળે છે અને પ્રસ્તુત આર્ય ભદ્રથી સપ્તમ આચાર્યનું નામ ફરીને આર્ય ભદ્ર એ પ્રકારે મળે છે. આચાર્ય વજ્રનો સમય સરેરાશ ગણતરીએ ઈસ્વીસન્ પૂર્વેની પ્રથમ સદીમાં પડે છે, અને એ હિસાબે પ્રથમ આર્ય ભદ્રનો સમય ઈસ્વીસન્‌ની પહેલી શતાબ્દીના અંતભાગે અને દ્વિતીય આર્ય ભદ્રનો કાળ લગભગ ત્રીજી શતાબ્દીના મધ્યના અરસામાં આવે.

ભદ્રાચાર્ય સંબંધી વિશેષ તલાશ પરવર્તી સમય-ખંડોમાં કરતાં સાંપ્રત ચર્ચાને ઉપકારક એવા બીજા બે નિર્દેશોની ભાળ મળે છે. વિદિશાના ઉદયગિરિ(પ્રા૦ નીચૈગિરી)ની જૈન ગુફાના ગુ૦ સં૦ ૧૦૬ / ઈ૦ સ૦ ૪૨૫-૨૬ના ઉત્કીર્ણ લેખમાં જણાવ્યા પ્રમાણે આર્યકુલોદ્‌ગત આચાર્ય ગોશર્મ દ્વારા ગુફાના મુખમાં જિન પાર્શ્વની પ્રતિમા પ્રતિષ્ઠિત થયા હોવાનો ઉલ્લેખ છે[૧૦]. શિલાલેખ ઉલ્લિખિત આચાર્ય ભદ્ર અને **કલ્પસૂત્ર**-સ્થવિરાવલીના દ્વિતીય ભદ્રાર્ય આમ તો અભિન્ન લાગે. પરંતુ સમાન ગુરુના સાધુઓના સમુદાય માટે ઉત્તરની મુખ્યધારાના નિર્ગ્રન્થોમાં ''અન્વય'' કહેવાની પ્રથા નહોતી. ત્યાં ગણ, શાખા, કુલ જેવા પ્રભેદ હતા. આથી ચૂર્ણિ-કથિત ભદ્રાર્યાચાર્ય એ પટ્ટાવલી-કથિત આર્ય ભદ્ર (કદાચ દ્વિતીય) હોવાનો સંભવ નહિવત્ રહે છે.

બીજો ઉલ્લેખ **સૂત્રકૃતાંગ** પરની અનામી કર્તાની **ચૂર્ણિ**(વૃદ્ધ-વિવરણ)માં સૂ૦ ૭૬૦ પરના વ્યાખ્યાનમાં મળે છે. ત્યાં अत्र दूषगणिक्षमाश्रमणशिष्यभट्टि(द्दि?)याचार्या ब्रुवते । એવો ઉલ્લેખ આવે છે[૧૧]. **પર્યુષણા કલ્પ-સ્થવિરાવલી**માં તેમ જ ઉદયગિરિના શિલાલેખમાં આવતા ભદ્રાચાર્યને બદલે આ **સૂત્રકૃતાંગ ચૂર્ણિ**-કથિત ભદ્રાર્યાચાર્ય અને **દશવૈકાલિક-ચૂર્ણિ** (અગસ્ત્યસિંહ) કથિત એ જ નામના આચાર્ય અભિન્ન હોવાનો વિશેષ સંભવ છે. **સૂત્રકૃતાંગ ચૂર્ણિ** અનુસાર ભદ્રાચાર્યના ગુરુ દૂષ્યગણિ ક્ષમાશ્રમણ તે અન્ય કોઈ નહીં પણ **નંદીસૂત્ર**ની ''સ્થવિરાવલી''માં આવતા, સૂત્રકાર દેવવાચકના ગુરુ[૧૨], ''દૂષ્યગણિ'' જ જણાય છે[૧૩]. **નંદીસૂત્ર**ની રચના વલભીમાં મળેલી દ્વિતીય પરિષદ(ઈ૦ સ૦ ૫૦૩ / ૫૧૬)થી પહેલાં થઈ ચૂકેલી જણાય છે. ત્યાં, સ્થવિરાવલીમાં, આર્ય નાગાર્જુન (ઈ૦ સ૦ ના ચોથા સૈકાનું પ્રથમ ચરણ)થી દૂષ્યગણિ ક્રમમાં ત્રીજા આવે છે. એ હિસાબે દૂષ્યગણિનો સમય ઈ૦ સ૦ ૪૦૦ / ૪૨૫ના ગાળાનો અને તેમના શિષ્યો દેવવાચક તેમ જ ભદ્રાચાર્યનો સમય ઈ૦ સ૦ ૪૨૫-૪૫૦ના અરસાનો હોઈ શકે.

બીજા આચાર્ય, દત્તિલ વિશે, શોધ ચલાવતાં પ્રાપ્ય પટ્ટાવલીઓ આદિ સાધનોમાં તો તેમનો પત્તો મળતો નથી પણ ગુપ્તસમ્રાટ કુમારગુપ્તના નામ સાથેના મથુરાના એક જૈન પ્રતિમા લેખમાં તેમનો ઉલ્લેખ થયેલો છે[૧૪]. ગુપ્ત સંવત્સર ૧૧૩ / ઈ૦ સ૦ ૪૩૨-૩૩ની મિતિવાળા તે લેખમાં કોટ્ટિય(કૌટિક)ગણની વિદ્યાધરી-શાખાના દત્તિલાચાર્યના આદેશથી પ્રતિમા પ્રતિષ્ઠિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયાનો ઉલ્લેખ છે[૧૫]. આ સ્પષ્ટ ઉલ્લેખ જોતાં અને અગસ્ત્યસિંહના સંભાવ્ય સમયથી લેખની મિતિના હિસાબે આશરે સવાસો વર્ષ જેટલું તેમનું પુરોગામીપણું લક્ષમાં લેતાં, ચૂર્ણિકથિત દત્તિલાચાર્ય અને સાંપ્રત શિલાલેખ ઉલ્લિખિત દત્તિલાચાર્ય અભિન્ન હોવા જોઈએ. જો પ્રસ્તુત દત્તિલાચાર્ય દ્વારા પણ **દશવૈકાલિકસૂત્રની** એક વૃત્તિ રચાઈ હોય તો તે વૃત્તિનો સમય ઈસ્વીસન્‌ના પાંચમા શતકનો દ્વિતીય પ્રહર હોવાનું નિશ્ચિતરૂપે અનુમાની શકાય.

આ બન્ને પ્રાચીન ઉલ્લેખોનાં પ્રમાણોથી અગસ્ત્યસિંહ દ્વારા થયેલ બે પૂર્વવિદ્ આચાર્યો સંબદ્ધ ઉલ્લેખની પ્રામાણિકતા સિદ્ધ થવા ઉપરાંત તેઓની વિદ્યમાનતાના કાળનો પણ મહદંશે નિર્ણય થઈ જાય છે. ભદ્રાર્યાચાર્ય ઈસ્વીસન્‌ના પાંચમા શતકના પૂર્વાર્ધમાં થયા હશે અને દત્તિલાચાર્ય તો ઈ૰ સ૰ ૪૩૨-૩૩માં વિદ્યમાન હોવાનું હવે સુનિશ્ચિત બને છે. આ ગણતરીએ ભદ્રાર્યાચાર્ય અને દત્તિલાચાર્ય સમકાલિક સ્થવિરો હોવા ઘટે. પ્રસ્તુત બન્ને આચાર્યોએ **દશવૈકાલિકસૂત્ર** પર વૃત્તિઓ રચી હોય તો તે બન્ને કૃતિઓ જૈનાગમોની વાલભી વાચના (ઈ૰ સ૰ ૫૦૩ વા ઈ૰ સ૰ ૫૧૬)થી પૂર્વે થઈ ચૂકી હતી. હાલ અપ્રાપ્ય એવી આ વૃત્તિઓના આશય-અંશ અગસ્ત્યસિંહની **ચૂર્ણિ**માં અભિપ્રાયરૂપે જળવાયા હોઈ, પ્રસ્તુત **ચૂર્ણિનું** મૂલ્ય અધિકતર બની જાય છે. અલબત્ત ચૂર્ણિકારનાં નિજી મંતવ્યો અને પૂર્વવર્તી વૃત્તિકારોનાં મંતવ્યો વચ્ચે વ્યાવર્તક રેખાઓ દોરવાનું કાર્ય તો આગમોના અધ્યેતાઓ જ કરી શકે.

**ટિપ્પણો :**

૧. આ ''અંગબાહ્ય'' વર્ગમાં ગણાતા આગમનું વર્તમાન ભાષા-સ્વરૂપ અલબત્ત ઈસ્વીસન્ પૂર્વેની એકાદ સદીથી વિશેષ પુરાણું નથી. મૂળ કૃતિ બન્યા બાદ ચારસો એક વર્ષ પછી ભાષામાં યુગાનુકૂલ પરિવર્તન કરવામાં આવ્યું હોવાનો સંભવ છે. (આર્ય શય્યંભવ જિન વર્ધમાન મહાવીર નિર્વાણ ઈ૰ સ૰ ૪૭૭ પછીના ક્રમમાં પાંચમા પુરુષ છે.) પરંતુ તેના પ્રારંભના બે જ અધ્યાયો અસલી છે. બાકીના શય્યંભવથી બે'એક સદી બાદના છે.

૨. મોહનલાલ મહેતા તેને જિનદાસ ગણિ મહત્તર-કર્તૃક (ઈસ્વીસન્‌ના ૭મા શતકનું આખરી ચરણ) માને છે : (જુઓ **जैन साहित्य का बृहद् इतिहास,** भाग ३, पार्श्वनाथ विद्याश्रम ग्रन्थमाला, वाराणसी, १९६७, पृ॰ ३०६.) પણ (સ્વ૰) મુનિવર્યશ્રી પુણ્યવિજયજીનો એ વિશેષ પ્રાચીન હોવાનો મત ગ્રાહ્ય લાગે છે. કારણ એ છે કે **આવશ્યકચૂર્ણિ,** કે જેમાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ(આ૰ ઈ૰ સ૰ ૫૯૪)ની કોઈ જ કૃતિઓનો ઉલ્લેખ નથી, તેમાં આ ચૂર્ણિનો નહીં પણ અગસ્ત્યસિંહની **ચૂર્ણિ**માંથી ઉતારો મળે છે. આ છેલ્લી કહી તે **ચૂર્ણિ** ઉપર જોઈ ગયા તેમ છઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધથી તો અર્વાચીન નથી જણાતી (જુઓ **नंदीसुत्तं,** प्राकृत ग्रन्थ परिषद् ग्रन्थाङ्क ९, अहमदाबाद, १९६६, पृ॰ १०).

૩. नाथूराम प्रेमी, ''यापनीयों का साहित्य'', **जैन साहित्य और इतिहास,** संशोधित-साहित्यमाला, प्रथम पुष्प, बम्बई १९५६, पृ॰ ६०, ६७, તથા પ્રસ્તુત સંકલનમાં ''आराधना और उसकी टीकायें'', પૃ૰ ૭૯.

૪. જુઓ **दसकालियसुत्तं** (सं. मुनि पुण्यविजय), प्राकृतग्रन्थपरिषद् ग्रन्थाङ्क १७, अहमदाबाद ११७३.

૫. એજન, ''प्रस्तावना,'' दलसुख मालवणिया, पृ॰ ११, १३.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. **भद्दियारिओव**अेसेणं અને **दत्तिलायरिओव**अेसेणं; એજન, મૂલપાઠ, પૃ૦ ૩.

૭. એજન, પં૦ માલવણિયા **દશવૈકાલિકસૂત્ર** પરની **ચૂર્ણિ**માં પ્રાચીનતર વૃત્તિઓના મળતા નિર્દેશ વિશે કહી આગળ નોંધે છે કે :

''आचार्य अपराजित जो यापनीय थे उन्होंने भी दशवैकालिक की विजयोदया नामक टीका लिखी थी। वह स्थविर अगस्त्य के समक्ष थी या नहीं उसका निर्णय जरूरी है। किन्तु यह उपलब्ध नहीं है अतअेव यह जानना कठिन है। स्थविर अगस्त्यसिंह द्वारा किया गया वृत्ति का उल्लेख पूर्वोक्त तीनों में से अेक का है या अन्य कोई है यह भी कहना कठिन है'' । (''प्रस्तावना'', पृ. ११-१२). પણ અગસ્ત્યસિંહ સામે **વિજયોદયાટીકા** તો હોવાનો સંભવ જ નથી. પ્રસ્તુત અપરાજિતસૂરિની શિવાર્યકૃત **આરાધના** પરની વર્તમાને ઉપલબ્ધ **વિજયોદયાટીકા**માં જટા-સિંહનંદીકૃત **વરાઙ્ગચરિત્ર**ના ઉતારા હોઈ, આ વૃત્તિકારનો સમય ઈસ્વીસન્‌ના સાતમા શતકના ઉત્તરાર્ધ પૂર્વેનો સંભવતો નથી : (વિશેષમાં સંદર્ભગત ટીકા સંસ્કૃતમાં હોવાનો ઘણો સંભવ છે, જ્યારે અગસ્ત્યસિંહની સામે હશે તે સૌ ટીકાઓ પ્રાકૃતમાં હોય તેમ લાગે છે.)

૮. વિગત માટે એજન.

૯. ''સ્થવિરાવલી'' માટે જુઓ મુનિदर्शनविजय (संपादक), **श्री पट्टावली-समुच्चयः**, प्रथमो भागः, श्री ચારિત્ર-સ્મારક-ગ્રંથમાલા, વીરમગામ ૧૯૩૩, પૃ૦ ૧-૧૧. સ્થવિરાવલીમાં ગદ્ય સૂત્ર ૩૩ (માથુરી વાચનાના અધ્યક્ષ) આર્ય સ્કંદિલ (અજ્જ સંડિલ્લ) સાથે સમાપ્ત થાય છે. ત્યારબાદ આગળ પદ્યમાં ૧૪ ગાથાઓ આપી છે અને તેમાં સ્થવિરાવલીને દેવર્દ્ધિગણિ ક્ષમાક્ષમણ સુધી લંબાવવામાં આવી છે. પણ આ પરિવર્ધિત ભાગની શૈલી અલગ પડી જાય છે અને તેટલો ભાગ વાલભી સંકલન સમયનો, ઈ૦ સ૦ ૫૦૩ કે તે પછી તરતનાં વર્ષો દરમિયાન પૂર્તિરૂપે ઉમેરાયેલો છે તેમ સ્પષ્ટ જણાઈ આવે છે.

૧૦. E. Hultzsch, "Two Inscriptions from general Cunnigham's Archaeological Reports", *Indian Antiquary,* Vol. XI, p. 310.

સંદર્ભગત પાઠ આ પ્રમાણે છે :

आचार्य **भद्रान्वय** भूषणस्य शिष्या ह्यसावार्य्यकुलातस्य आचार्य गोशर्म्म मुनेस्सुतस्तु.

૧૧. જુઓ સં૦ મુનિ જંબૂવિજય, **सूयगडंगसुत्तं**, जैन-आगम-ग्रन्थमाला ग्रन्थाङ्क २, મુંબઈ ૧૯૭૮, પૃ૦ ૩૫.

૧૨. **નંદીસૂત્ર**માં કર્તાનું નામ અલબત્ત નથી આપ્યું, પણ જિનદાસગણિ મહત્તરની **નંદીચૂર્ણિ**(શ૦ સં૦ ૫૯૮/ ઈ૦ સ૦ ૬૭૭)માં એ સ્પષ્ટતા મળે છે. ત્યાં દૂષ્યગણિના શિષ્ય દેવવાચકે પ્રકૃત સૂત્રની રચના કરેલી તેમ કહ્યું છે. આ ઉલ્લેખ વિશ્વસનીય છે. (જુઓ **नंदीसुत्तं**, પૃ૦ ૪.)

૧૩. **નંદીસૂત્ર**ની ''સ્થવિરાવલી'' દૂષ્યગણિ સાથે સમાપ્ત થાય છે : જુઓ સં૦ મુનિ પુણ્યવિજય, પં૦ દલસુખ માલવણિયા અને પં૦ અમૃતલાલ મોહનલાલ ભોજક, **नंदिसुत्तं**, स्थविरावली गाथा ४१, जैन-आगम-ग्रन्थमाला ग्रन्थाङ्क १, મુંબઈ ૧૯૬૮, પૃ૦ ૮.

૧૪. G. Bühler, "Further Jaina Inscriptions from Mathurā," *Epigraphia Indica,* Vol II, XIV, Ins. no. XXXIX, p. 210.

૧૫. પ્રતિમાલેખનો સંબદ્ધ પાઠ આ પ્રમાણે છે : ''......पूर्व्वायां कोटिया[तो] गणाद्विद्याधरी[तो] शाखातो **दतिलाचार्य्य** 'प्रज्ञपिताये.... ઇત્યાદિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org